Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# આત્માનંદ પ્રકાશ

1967

-: પ્રકાશક :-

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

(40)

પુસ્તક : ૬૪
વીર સં. ૨૪૯૩
આત્મ સં. ૭૦

અંક : ૧
વિ. સં. ૨૦૨૩
કારતક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખકનું નામ | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષારંભે માંગલ્ય ભાવના | ... ... .... | ૩ |
| ૨ | શ્રી માંગલ્ય સ્તુતિ | ... .... .... | ૪ |
| ૩ | નૂતન વર્ષના પ્રારંભે | .... ... .... | ૫ |
| ૪ | મંગલ વિધાન | ... ... ... | ૬ |
| ૫ | અહિંસા | ... રતિલાલ મફાભાઈ | ૯ |
| ૬ | ભોગ અને ત્યાગ | .... મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૨ |
| ૭ | યુગવીર આચાર્ય વિજયવલ્લભસૂરિશ્વરજી | ... શ્રી ફતેહચંદ ઝવેરભાઈ | ૧૬ |


## સુધારો

સં. ૨૦૨૨ આસોમાસના અંકમાં પાના ૨૩૭ ઉપર **'સત્યદૃષ્ટિ સત્ય ઉપાસના'** લેખમાં **બીજા કોલમની** લાઈનિ ૨૬માં સમકિતિ જીવો પછી 'સિવાય બીજા જીવો' એટલા શબ્દો ઉમેરીને વાંચવું. **તથા** પાના ૨૩૯ ઉપર ૧૭મી લાઈનિમાં 'તરસ ન આવિ રહો' ને બદલે 'તરસ ન આવે હો' વાંચવું. બીજી પણ કેટલીક શાબ્દિક ભૂલો છે તે સમજી સુધારી વાંચવું.

**આભાર :** આચાર્ય વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી તથા આચાર્ય વિજયહીંકારસૂરીશ્વરજીની પ્રેરણાથી શા રતિલાલ નગીનદાસ એન્ડ કું-મુંબઇ તરફથી પ્રગટ કરવામાં આવેલ. સં. ૨૦૨૩ના જૈન પંચાગ આ અંક સાથે સાભાર આપવામાં આવેલ છે. તે સંભાળી લેવા વિનતી.

## ખાસ વિજ્ઞપ્તિ

આ સભાના જ્ઞાનખાતામાં સારી એવી તૂટ છે. આ માટે દાન આપવા ઉદાર દાતાઓને વિનંતિ કરવામાં આવે છે.

## ભેટના પુસ્તક માટે વિજ્ઞપ્તિ

શ્રી આત્માનંદ પ્રકાશનું ભેટનું પુસ્તક પ. પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભાસાગરજી (ચિત્રભાનુ) મહારાજશ્રી વિરચિત 'ચાર સાધન' તૈયાર છે. ચાલીસ પૈસાની પોસ્ટ ટીકીટો મોકલીને સભ્ય સાહેબોને તે મંગાવી લેવા વિનંતિ છે.


**પુણ્ય તિથિ :** પ્રાતઃસ્મરણીય શાંત મૂર્તિ શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તિથિ સં. ૨૦૨૨ના આસો સુદી ૧૦ના રોજ આ સભા તરફથી દર વર્ષ મુજબ ગુરૂભક્તિ નિમિત્તે અત્રેના મ્હોટા દેરાસરના શ્રી આદિનાથ મંદિરમાં શ્રી નવપદજીની પૂજા રાગ-રાગણીથી ભણાવવામાં આવેલ. આ પ્રસંગે સભાસદ બંધુઓ તેમજ અન્ય સદ્‌ગૃહસ્થોએ સારો લાભ લીધો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

10706.

## આ સભાના નવા માનવંતા પેટ્રન



ગં. સ્વ. શ્રીમતી લાછબાઈ મેઘજીભાઈ છેડા

કચ્છ-કાંડાગરાવાળા-મુંબઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગં. સ્વ. શ્રીમતી લાછબાઈ મેઘજીભાઈ છેડા

( કચ્છ નિવાસી, હાલ મુંબઈ )

## [ સંક્ષિપ્ત જીવન ચરિત્ર ]

સં. ૨૦૨૩ ના વર્ષના પ્રારંભમાં એક ધર્મપરાયણ તપસ્વી બ્હેન શ્રીમતી લાછબાઈ મેઘજીભાઈ જૈન આત્માનંદ સભાના પેટ્રન થતાં સભાવતી અમો હર્ષ પ્રદર્શિત કરીએ છીએ. તેઓશ્રી મૂળ કચ્છના મુદ્રા તાલુકાના ગામ કાંડાગરાના રહેવાસી છે. તેમના સ્વર્ગસ્થ પતિ મેઘજીભાઈ ધંધાર્થે મુંબઈ આવતાં તેમનાં સુશીલ પત્ની લાછબાઈ પણ તેમની સાથે મુંબઈ આવી વસેલાં. તેમની ઉંમર હાલ વર્ષ ૫૦ ની છે. અને તેમને ચાર પુત્રો શ્રી ખીમજીભાઈ, મોરારજીભાઈ, લખમશીભાઈ અને કલ્યાણજીભાઈ અને ત્રણ પુત્રીઓ કંકુબાઈ, રતનબાઈ અને અમૃતબાઈનો કુટુંબ પરિવાર છે. કુટુંબ ઘણું સુખી સંપીલું ધર્મપરાયણ છે. શ્રીમતી લાછબાઈએ વર્ધમાન તપની ઘણી ઓળીઓ કરી છે. અને સમેતશિખરજી વિગેરે તીર્થોની યાત્રા કરી જીવન પાવન કરેલ છે. તેમના પતિ મેઘજીભાઈ ચૌદ વર્ષ પહેલાં ૭૫ વર્ષની ઉંમરે સ્વર્ગવાસી થયા છે. તેમના પુત્રોને મુંબઈ ચર્ચગેટ ઉપર કાપડ અનાજ અને પ્રોવીઝન સ્ટોરની દુકાનો છે. તેઓ સૌ સામાન્ય સ્થિતિમાંથી ધર્મના પુણ્ય પસાયે ઉચ્ચ આર્થિક સ્થિતિમાં આવ્યા છે. શ્રી ખીમજીભાઈએ આયંબીલ તપની નવ ઓળીઓ તથા એક અઠ્ઠાઈ તપની આરાધના કરી છે. શ્રી ખીમજીભાઈ તથા તેમના બંધુઓ પૂજ્ય સાધુ મુનિ મહારાજો પ્રત્યે ધર્માનુરાગી અને પૂજ્ય ચંદ્રપ્રભસાગર–ચિત્રભાનુ મહારાજ પ્રત્યે ઘણા ભક્તિપરાયણ છે અને તેમના હસ્તકના દિવ્ય સંઘમાં સારી સખાવત કરે છે. અને ગુપ્ત દાન પણ ઘણું કરે છે. તેમણે કચ્છમાં બાળમંદિર હાઈસ્કૂલ અને કેળવણીની અનેક સંસ્થાઓ તથા કચ્છી વિદ્યાલયમાં સારી સખાવત કરી છે. સૌ ભાઈઓ ઘણા સરલસ્વભાવી ઉદાર અને પરસ્પર સ્નેહસંબંધ ધરાવનારા છે.

તેવા પુત્રરત્નોની જૈન ધર્માનુરક્ત ભદ્રિક પરિણામી માતા શ્રીમતી લાછબાઈ આ સભાના પેટ્રન થયા છે તે સભાને માટે આનંદ અને ગૌરવનો વિષય છે. તેઓ કુટુંબ સહ તંદુરસ્તીપૂર્વક ધર્મપરાયણ દીર્ઘાયુષ્ય ભોગવે અને વ્યવહારનાં પરોપકારી કાર્યો કરતા રહી જીવનસાફલ્ય કરે તેમ શુભેચ્છા પાઠવીએ છીએ.

☆

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

બનાવનાર

બારજીસ
લાઈફ બોટસ
ટગ્ઝ
ડ્રેજર્સ
પેસેન્જર સ્ટીમર્સ
પોન્ટુન્સ
મુરીંગ બોયઝ
બોયન્ટ એપરેટસ વિગેરે

બનાવનાર

રોલીંગ શટર્સ
ફાયર પ્રૂફ ડોર્સ
રોડ રોલર્સ
વ્હીલ બેરોઝ
રેફયુઝ હેન્ડ કાર્ટસ
પેલ ફેન્સીંગ
લેડ-યુલાઈટ ( લેડવુલ )
સ્ટીલ ટેન્કસ

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રા. લીમીટેડ

—: શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ :—


ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેકટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ
શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ નં. ૧૫ (ડી.ડી.)
ફોન નં. ૪૪૦૦૭૧, ૪૪૦૦૭૨, ૪૪૩૧૩૩
ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઈ

એન્જીનીઅરીંગ વર્કસ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઇ નં. ૧૨ (ડી.ડી.)
ફોન નં. ૩૭૦૮૦૮, ૩૭૪૮૯૩
ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઇ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ : ૬૪ ] નવેમ્બર ૧૯૬૬ [ અંક ૧

# નૂતન વર્ષારંભે માંગલ્ય ભાવના

હરિગીત

નમિએ નિરંતર નવિન વરસે દેવશ્રી આદિ પ્રભો,
અજ્ઞાન તિમિર ઉચ્છેદવા આદિત્ય સમ એ છે વિભો;
ધ્યાતા નિપાવે ધ્યેય પદને ધ્યાન જો નિશ્ચલ બને,
યાચું પ્રભો, હું આ સમે એ યોગ્યતા અર્પો મને.

ગુરૂરાજ ગુણનિધિ ભવિક જનને બોધતા દૃઢતા ધરી,
વિચરી વિવિધ સ્થલમાં સદા સ્યાદ્વાદ શૈલી વિસ્તરી;
ઉપદેશ તેમજ લેખ ને પુસ્તક બનાવ્યાં તત્ત્વનાં,
શ્રી વિજયાનંદસૂરીશને હો નમન આત્મિક હૃદયના.

આ નવિન વર્ષારંભમાં આશિષ છે અંતર તણી,
સ્યાદ્વાદ શૈલી રૂપ અમૃત ભોજ્ય છે ચિન્તામણી;
અર્પીશ એ ગ્રાહક પ્રતિ પ્રતિમાસ વિવિધ રસ ભરી,
શ્રી આત્માનંદ પ્રકાશ ઈચ્છે હૃદય શુદ્ધિ હજો ખરી.

છે રમ્ય આ સૌરાષ્ટ્રમાં ભાવિકની ભાવાપુરી,
જ્યાં જૈન મંદિર શોભતાં જાણું ખરે અલકાપુરી;
ત્યાં આત્માનંદ સભા સદા શ્રી જૈન ધર્મ પ્રસારવા,
પ્રગટાવે આત્માનંદ માસિક આત્મશુદ્ધિ વધારવા.

વિ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી માંગલ્ય સ્તુતિ

શાર્દૂલવિક્રીડિત

બાંધે મંગલસૂત્ર મંગલ કરે જ્યાં કેવલજ્ઞાનનું,
શોભે મંડપ જ્યાં સમોસરણતણો જે સ્થાન માંગલ્યનું;
હોમે જ્યાં વિધિ સાથ કર્મ સમિધો ધ્યાનાગ્નિમાં પ્રેમથી,
તે શ્રીમુક્તિવધૂ વિવાહ પ્રભુનો માંગલ્ય આપો અતિ. ૧

વાણી વ્હાલ ધરી વદો વદનમાં શ્રીવીરના નામની,
શ્રદ્ધા સાથ સુધા પીઓ શ્રવણમાં તેના ગુણ ગ્રામની;
પૂજો તત્પ્રતિમા પ્રભાવિક અતિ સપ્રેમ ઉલ્લાસથી,
બોલો શ્રી જયનાદ વિશ્વગુરૂના માંગલ્ય તે સર્વથી. ૨

શિખરણી

મહારિ સંહારી વ્યસન સુવિદારી ભય હરી,
નિવારી આ ભારી અતિભયકરી અંતર અરિ;
વિકારી કામારિ મનથી પરિહારી શિવ ધરી,
થયા જ્ઞાનાધારી જિનવર સદા મંગલ કરી. ૩

ત્યજો વેગે વ્હાલા વિષમ વિષયાનંદ રસને,
રહો જ્ઞાનાનંદે સુખકર અમંદે શુચિમને;
ધરો યોગાનંદે યતિપતિપણું ધ્યાન નૃમણિ,
રમો આત્માનંદે મનહર વરો મુક્તિ રમણી. ૪

*

भव्यानां भव्यभावं भवजलतरणे भावयन् भावनाभिः
तीव्रैस्तेजः प्रकाशैः कुमतिभिरुदितं तर्जयन्नंधकारम् ।
सोल्लासं तत्त्वबोधं शुचिहृदि जनयन् सद्गुरोर्भक्तिभाजां
आत्मानंदप्रकाशः प्रसरति भुवने वीरभानुप्रभावात् ।१।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વરસમાં પ્રવેશ પ્રસંગે

**આત્મવૃત્તિ નિર્મળ કરે, આપે તત્ત્વ વિકાસ;**
**આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.**

( 'આત્માનંદ પ્રકાશ' પુ. ૧ લું અંક ૧ લો. )

આજથી ત્રેસઠ વરસ પહેલાંનો આ પ્રસંગ છે. ભાવનગરમાં એ સમયે જ્ઞાનોપાસનાની વસંત ખીલી રહી હતી. જૈન તત્ત્વનો અભ્યાસ વધે અને ધાર્મિક-શિક્ષણમાં વધારો થાય તે માટે જ્ઞાન-ચર્ચાની મંડળીઓ મળતી, જ્ઞાન-પિપાસુઓ ભેગા થતા, તત્ત્વની વાતો કરતા, અને ધર્મના રંગે ભાવનગરને રંગવા માટે આ રીતે વિધવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી હતી. તે સમયે આત્મવૃત્તિ નિર્મળ કરવા, તત્ત્વજ્ઞાનનો વિકાસ કરવા અને આત્માનો આનંદ લૂંટવા માટે શ્રાવણ માસના નૈસર્ગિક વાતાવરણ વચ્ચે આ સભા હસ્તક ચાલતી શ્રી આત્મારામજી જૈન પુસ્તકાલયની વ્યવસ્થાપક સભાએ "આત્માનંદ પ્રકાશ" માસિકની શુભ શરૂઆત કરી. સભાના ઉત્સાહી કાર્યકર્તા વકીલ મૂળચંદ નથુભાઈ આ માસિકના તંત્રી બન્યા, અને માત્ર એક રૂપિયાના લવાજમમાં વરસ દિવસે સાડાત્રણસો પાનાનું સાત્ત્વિક વાચન પીરસવાનો નિર્ણય કરવામાં આવ્યો.

આ વાતને આજે ત્રેસઠ વરસના વહાણા વીતી ગયા, જૈન તત્ત્વના વિધ-વિધ અંગોને સ્પર્શતા અભ્યાસપૂર્ણ લેખો, દરેક દર્શનોની તુલનાત્મક સમીક્ષા કરતી લેખમાળાઓ, જૈન સમાજના ઉત્થાન માટે અનેકવિધ રચનાત્મક લેખો, સમાચારો અને એવું રસમય વાચન પુરૂ પાડવાનો ઉમંગ તેના આરંભકાળના અંકો વાચતા દેખાય છે.

આવી સાત્ત્વિક દૃષ્ટિ જાળવીને આ માસિક આજે ૬૩ વરસ સુધી નિયમિત પ્રગટ થતું આવ્યું છે. અને નિજ ધ્યેયને લક્ષમાં રાખી તે આગે કદમ મુકતું જાય છે. એ માટે અમો અમારો આત્મ-સંતોષ વ્યક્ત કરીએ છીએ. અને માસિકના વિકાસમાં ભાગ આપી રહેલા સૌ શુભેચ્છકોનો આ તકે આભાર માનીએ છીએ.

આત્માનો આનંદ, અખંડ આનંદની પ્રાપ્તિ માટે યોગ્ય પ્રેરણા કરતા રહેવી એ આ માસિકની દૃષ્ટિ છે. જૈન સમાજના આધ્યાત્મિક અને સામાજિક ઉત્થાન માટે તે જીવ્યું છે. અને પોતાનાથી બને તેટલી સેવા તે બજાવી શક્યું છે.

આજના યુગ તરફ દૃષ્ટિ કરીએ તો આત્માનો આનંદ શું છે, અખંડ આનંદ કેમ પ્રાપ્ત થાય તેની સમજ આજે જનતાના મોટા ભાગમાં નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મંગલ વિધાન

" આત્માનંદ પ્રકાશ' ૬૩ વરસ પુરા કરીને ૬૪માં વરસમાં પ્રવેશ કરે છે, કોઈપણ વર્તમાન પત્રનું ૬૩ વરસનું લાંબુ આયુષ્ય એ એક રીતે તો ગૌરવનો વિષય છે, અને તે ગૌરવ-યશનો અધિકાર, માસિકને નભાવનાર તેના લેખકો, વાચકો અને ટેકેદારોના ફાળે જાય છે.

ચોસઠમા વર્ષમાં પ્રવેશ કરતી વખતે, શ્રી જિનેશ્વર ભગવાનની **ચોસઠ** પ્રકારે પૂજા-ભક્તિ કરવાનો મંગળ આદેશ **ચોસઠમા** અંકમાં છપાયો છે. (૬+૪) ષડ્‌દર્શનનું ઉંડું રહસ્ય સમજીને, ચાર ગતિના ફેરા નિવારી, આત્માનો અનંત **આનંદ** પ્રાપ્ત કરવાની શુભ પ્રેરણા પણ **ચોસઠના** આંકમાં રહેલી છે.

ગત વરસે આત્માનંદ પ્રકાશે પીરસેલી રસસામગ્રીનો વિચાર કરીએ તો, ભગવાન મહાવીરના જન્મ-જયન્તિ પ્રસંગે અને પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વ પ્રસંગે એમ-બે ખાસ અંકો પ્રગટ કરવામાં આવ્યા છે અને જુદા-જુદા વિદ્વાનોના લેખો તેમાં આપવામાં આવ્યા છે. તેમ ચાલુ અંકોમાં પણ જૈન દર્શન ઉપર પ્રકાશ પાડતા-અને અધ્યાત્મભાવની પ્રેરણા આપતું સાહિત્ય પીરસવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એકંદર ગદ્યના અને પદ્યના લેખો આ રીતે પીરસાયા છે, તેમાં લોકભોગ્ય હળવી જૈન કથાઓ છે, અને તત્ત્વચિન્તનની રસસામગ્રી પણ છે. શિક્ષણ અને સાહિત્યની વિચારધારા છે તો સામાજિક પ્રશ્નોની સમીક્ષા પણ છે અને થોડાં કાવ્યો પણ છે.

આ સામગ્રી પૂરી પાડનાર, શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, શ્રી ઝવેરભાઇ ભાઈચંદ શેઠ, શ્રી ચત્રભુજ જેચંદ શાહ, શ્રી ફત્તેહચંદ ઝવેરભાઇ, શ્રી ખીમચંદ ચાંપશીભાઇ વિગેરેએ ખાસ શ્રમ લઇને રસસામગ્રી પૂરી પાડી છે તે બદલ અમો સૌના આભારી છીએ.

જનતાના ઘડતરમાં આજે પત્રકારિત્વ ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે, આધુનિક યુગનું અને અત્યારની સંસ્કૃતિનું એ એક અનિવાર્ય અને સબળ અંગ છે, યુગની સાથે રહી-આપણે આપણી સંસ્કૃતિનો પ્રચાર કરવો હોય તો આપણે આપણું પત્રકારિત્વ ખીલવ્યા વિના ચાલે તેમ નથી.

વિશ્વધર્મ માટે લાયક આપણો જૈનધર્મ, ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપનાર આપણું પ્રાચિન સાહિત્ય, દેશકાળને ઓળખીને સમયે સમયે સમર્પણ કરનાર પ્રભાવિક પુરૂષોની પ્રેરણાત્મક કથાઓ, આપણું શિલ્પ, આપણું વિજ્ઞાન, આપણી ભૂગોળ, આપણું ગણિતશાસ્ત્ર, વિશ્વ-શાન્તિનો સમન્વય, સાધના, અનેકાન્ત અને સ્યાદ્વાદના આપણા અમૂલા સિદ્ધાન્તો અને આવું ઘણું યે સાહિત્ય જનતા સમક્ષ મુકવાની અને તેનો વ્યાપક પ્રચાર કરવાની આજે અનિવાર્ય જરૂર છે અને આ પ્રચાર આપણે અભ્યાસપૂર્ણ સામયિકો દ્વારા વધારે સારી રીતે કરી શકીએ.

યુગસૃષ્ટાનું સ્થાન આજે પત્રકારિત્વે લીધું છે. બહારની દુનિયામાં જરા દૃષ્ટિ નાખશું તો જુદા જુદા અંગોનો પ્રચાર કરતું ઈતર પત્રકારિત્વ આજે કેટલું ખીલ્યું છે તેનો આપણને ખ્યાલ આવશે, તેની સામે આજે આપણે કેટલા પછાત છીએ તેનો પણ આપણને ખ્યાલ આવશે.

યુગદૃષ્ટિ પારખીને, તુલનાત્મક અભ્યાસપૂર્ણ રસમય સાહિત્ય પીરસે એવું કોઈ વર્તમાનપત્ર આજે આપણા પાસે નથી. તેમ પત્રકારિત્વના વિકાસ માટે આપણામાં જોઇએ તેવી રસવૃત્તિ પણ નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અલબત્ત જુદી જુદી દિશામાં પ્રકાશ પાથરતા પચાસ-સાઠ જૈન સામયિકો આજે આપણે પ્રગટ કરી રહ્યા છીએ, અને તેમાં કેટલાક તો દીર્ઘ આયુષ્ય ભોગવી રહ્યા છે. અને પોતાનાથી બનતું સાહિત્ય પણ પીરસી રહ્યા છે. એ સૌને આવકારતા અમોને હર્ષ થાય છે પરંતુ આપણી પછાત-સ્થિતિનો વિચાર કરી— આ દિશામાં આપણે વધુ જાગૃત થવાની જરૂર છે.

'આત્માનંદ-પ્રકાશ'ના વિકાસ માટે અમો પણ મહત્ત્વાકાંક્ષા સેવી રહ્યા છીએ. પણ મનમાની સિદ્ધિ અમોને તેમાં મળતી નથી. તેના વિકાસ માટે જોઇએ તેટલો ભોગ આપી શકાતો નથી. એ અમારી નબળાઇ છે. એમ છતાં આ અંગે અમોને જે થોડું કહેવા જેવું લાગ્યું છે તે આ તકે કહેવાનું સમયોચિત માનીને કહીએ છીએ.

પત્રકારિત્વ જે રીતે વિકસી રહ્યું છે તેને યોગ્ય લેખકો જૈન સાહિત્ય માટે પૂરતા પ્રમાણમાં મળતા નથી, જૈન સાહિત્યમાં વધુ ને વધુ રસ લેતા રહે એ માટે નવા લેખકોમાં રસવૃત્તિ જગાડવાની જરૂર છે અને એ માટે તેમને પ્રોત્સાહન મળતું રહે તેટલી તકેદારી રાખવાની પણ જરૂર છે.

જૈન-ધર્મના પ્રચાર માટે આ મહત્વનું અંગ છે અને તે ખીલવવા માટે આપણે ગંભીરપણે વિચાર કરવાની આજે આપણી સામે અનિવાર્ય અગત્ય ઉભી છે. જો આ બાબત હજુ પણ આપણે ઉપેક્ષા રાખશું તો આવતી કાલે આપણે ગૌરવભેર ઉભા નહિ રહી શકીએ, બલ્કે ખૂબ ખૂબ પછાત પડી જશું.

'બુદ્ધ ધર્મ'નો જરા વિચાર કરો, ભારતમાં જ જન્મેલ આ ધર્મ ભારતમાંથી પરદેશ ચાલ્યો ગયો, અને ભારતમાં તે બહુ જ અલ્પ-પ્રમાણમાં દેખાતો હતો, થોડાક દાયકા પહેલા લંકાના એક સમર્થ બૌદ્ધ ભિક્ષુક, અનગારિક ધર્મપાલનના ખંત ભર્યા પ્રયાસથી સારનાથમાં બૌદ્ધ-ધર્મના પુનઃઉદ્યોતના પ્રયાસો શરૂ થયા અને જોતજોતામાં તેનો ઠીક ઠીક ફેલાવો થઈ ગયો.

અને આજે તો આપણા જૈન ધર્મના અનુયાયીઓ કરતા બૌદ્ધોની સંખ્યા લગભગ દોઢાથી પણ વધુ હોવાનું મનાય છે, એટલું જ નહિ પણ રાજકારણની દ્રષ્ટિએ આજે એમનું મહત્ત્વ વધ્યું છે, સાહિત્યની દ્રષ્ટિએ જોઇએ તો કોઇ પણ સારા તત્ત્વચિંતકને બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરવાનું અને તે અંગે કંઈક ને કંઈક લખવાનું તેઓને મન થઇ આવે છે.

આપણા દેશ માટે ખ્રિસ્તીધર્મ તો પરદેશી ધર્મ ગણાય. એમ છતાં સમયોચિત પ્રચારના પરિણામે આજે ભારતમાં તે ધર્મ ખુબ ફુલ્યો ફાલ્યો છે અને સાઠ લાખ જેટલા હિન્દુઓએ ધર્મોન્તર કરીને ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો, આ બધો પ્રતાપ પ્રચારની કળાનો છે, પોતાના ધર્મના પ્રચાર માટે આજે તેઓ જે કાળજીપૂર્વક પ્રચાર કરી રહ્યા છે તે રીત સમજવા જેવી અને અપનાવવા જેવી છે,

રસ-સામગ્રીનો વિચાર કરતા, અમોને લાગ્યું છે કે આપણી સમાજમાં-ચિન્તકો અને લેખકોની સંખ્યા દિન-પ્રતિદિન ઘટતી જાય છે. જ્ઞાનોપાસના, ઉંડું ચિન્તન, વિચાર વિનિમય અને સાહિત્યપ્રેમ જાણે ઓસરતો આવતો હોય તેમ લાગે છે, તેમ જૈનેતર વિદ્વાનોમાં જૈન સાહિત્ય તરફની અભિરુચિ જોઇએ તેટલા પ્રમાણમાં દેખાતી નથી.

જૈન-દર્શને જ્ઞાનોપાસનાને ખુબ મહત્ત્વ આપ્યું છે. આ વસ્તુ લક્ષમાં રાખીને આપણે જ્ઞાનરુચિ વધારવા માટે યોગ્ય કરવાની જરૂર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જનતાના ઘડતરમાં આજે પત્રકારિત્વ ઘણો મહત્ત્વનો ભાગ ભજવી રહેલ છે. તે આધુનિક યુગનું અને અત્યારની સંસ્કૃતિનું એક અનિવાર્ય અને સબળ અંગ બની ગયું છે, ભૂતકાળની ભવ્યતા રજુ કરવામાં અને યુગની સાથે રહી-સંસ્કૃતિના ઘડતરમાં તેનો ફાળો ઘણો મહત્વનો છે. એક રીતે તો આપણે તેને "યુગ-સૃષ્ટા"નું બિરૂદ આપી શકીએ.

ઈતર સામયિકો તરફ નજર નાખીશું તો સામાયિકોની દુનિયામાં આજે આપણે કેટલા પછાત છીએ તેનો ખરો ખ્યાલ આપણને આવશે, જૈન સમાજે આ પ્રશ્ન ગંભિરપણે વિચારવાની અને તે દિશામાં યોગ્ય કરવાની ખાસ જરૂર છે.

નવા વરસના પ્રવેશ પ્રસંગે અમો પણ વધુ રસમય અને અભ્યાસપૂર્ણ રસ-સામગ્રી આત્માનંદ પ્રકાશમાં પીરસવા માટે યોગ્ય પ્રયાસ કરીશું.

આપણે પ્રચારની દ્રષ્ટિએ વિચાર કરીએ તો સાહિત્યકારો-લેખકોમાં જૈન ધર્મના પ્રચાર માટે રસવૃત્તિ જગાડવાની જરૂર છે. જૈન તત્વજ્ઞાન, જૈન કથા સાહિત્ય, જૈન પુરાતત્વ, જૈન વિજ્ઞાન અને જૈન સમાજના જુદા જુદા તાત્વિક અંગોનો અભ્યાસ કરવાની તક આપણે યોજવી જોઈએ.

જૈન કે જૈનેતર લેખકો ભેગા થાય, જૈન સાહિત્યના સર્જન માટે વિચાર-વિનિમય કરે અને સૌ લેખકો-વિચારકો જૈન સાહિત્યમાં રસ લેતા થઈ જાય તે માટેના માર્ગોનો વિચાર કરી તે દિશામાં સક્રિય થવાની જરૂર છે. આ માટે જરૂરી આર્થિક ભોગ પણ આપવો પડે. પણ તેના પરિણામે જૈન-ધર્મનો પ્રચાર કરવામાં આપણે જરૂર સફળતા મેળવશું. આપણા મહોત્સવો કે સમારંભો પાછળ ખરચાતા અઢળક ધન કરતા આ દિશામાં ખરચાતું ધન ઘણું સંગીન પરિણામ લાવશે એ નિઃશંક છે માટે "જૈન-જૈનેતર સાહિત્યકારો-ચિંતકો અને તેમાં રસ ધરાવતા જિજ્ઞાસુઓનું એક સાહિત્ય સંમેલન યોજવામાં આવે તો તે જરૂર છે.

આ ઉપરાંત જૈન-સાહિત્યનું એક પ્રદર્શન યોજવામાં આવે તો આ પ્રસંગે ભેગા થયેલ વિદ્વાનોને તેમાંથી ઘણું જાણવાનું મળે.

જો આ રીતે આપણે સક્રિય થઈએ તો 'જૈન સાહિત્ય' માટે લખનાર લેખકોની આજે અમોને જે તંગી દેખાય છે તે જરૂર દૂર થાય.

યુગદ્રષ્ટા મુનિ મહારાજશ્રી ચંદ્રપ્રભસાગરજીએ લખેલ "ચાર-સાધન"નું એક પ્રાણવાન નાનું પુસ્તક ગત વરસમાં પ્રગટ કરવામાં આવેલ છે, અને આત્માનંદ પ્રકાશન વાચકોનેસભાના સભ્યોને તે: ભેટ તરીકે આપવામાં આવેલ છે.

'આત્માનંદ પ્રકાશ'ને અંગે આટલું કહેવા પછી પ્રકાશને પોતાનું માનીને જે લેખકો-વાચકોએ અમોને સાથ આપીને આત્માનંદ પ્રકાશને ચોસઠમાં વરસમાં પ્રવેશવાની તક આપી છે તે સૌનો આ તકે ફરી આભાર માનીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસા

લેખક : રતિલાલ મફાભાઇ-માંડળ

આ દૃશ્ય જગત કેવળ પરમાણુઓના સંગઠનનું જ પરિણામ છે. હરેક પરમાણુ અન્ય પરમાણુથી અલિપ્ત રહે તો દૃશ્ય જગત અદૃશ્ય જ બની જાય. પણ પરમાણુઓ સ્નિગ્ધત્વ-સ્નેહ-ચીકાસને કારણે એક-બીજા સાથે સંગઠન અને સહકાર સાધે છે. ને એથી જ વિશ્વની ભિન્ન ભિન્ન વસ્તુઓ આકાર પામે છે. જો જડ પરમાણુઓ સ્નેહત્વને કારણે એકબીજા સાથે સંલગ્ન રહી પરિણામ લાવી શકે છે તો જીવો પણ જો સ્નેહ-પ્રેમ ભાવનાને કારણે સર્વ સાથે સંલગ્ન બનતાં શીખે-સંબંધ બાંધતાં શીખે તો એકબીજા વચ્ચે જે ભય, ઇર્ષ્યા, હિંસા કે વેરબુદ્ધિ છે એ નષ્ટ થાય અને જીવો સુખ શાંતિ મેળવી શકે.

જગતનો વ્યવહાર સ્નેહ સંબંધને કારણે જ ચાલે છે. બાળક બીમાર કે કદરૂપું હોય છતાં કોઈ માતા એને ફેંકી દેતી નથી. ઊલટું એ એને માટે રાત-દિવસ ઘસાવા તૈયાર હોય છે. પિતા પુત્ર માટે, પુત્ર પિતા માટે, બહેન ભાઈ માટે, ભાઇ બહેન માટે, પતિ પત્ની માટે, પત્ની પતિ માટે, મિત્ર મિત્ર માટે અને સંબંધી સંબંધી માટે એમ હરકોઇ ઓછાવત્તા પ્રમાણમાં પોતાના વર્તુલ પૂરતા એકબીજા માટે ઘસાવા તૈયાર હોય છે ને એથી જ આ સંસારનો વ્યવહાર ચાલે છે. પણ જો એ વર્તુલો પોતાની ટૂંકી મર્યાદા પાર કરી વ્યાપક બનવા લાગે તો જ જગતમાં સ્નેહ-પ્રેમને કારણે સર્વત્ર સુખ નિર્માણ થઈ શકે. આમ સુખનો માર્ગ આત્મીય સંબંધ બાંધવામાં રહેલો હોઈ કાં તો એ પ્રેમ-સ્નેહથી બાંધી શકાય, કાં તો દયા-કરૂણાને અંગે બાંધી શકાય.

આ પ્રકારની વિચાર-સરણીને કારણે મહાવીરે જગકલ્યાણની ભાવનાથી પ્રેરાઇ અહિંસાનો દિવ્યમંત્ર શોધી કાઢ્યો છે, જે પ્રેમ અને કરૂણાની ઉભય લાગણીઓ માટે વપરાયેલો શબ્દ છે.

એ મંત્રના સામર્થ્યથી ભ. મહાવીરે જગત સમક્ષ ઉદ્‌ઘોષણા કરી કે "કોઈની પણ હિંસાથી પ્રાપ્ત કરેલું સુખ, સામેથી એવી જ પ્રતિક્રિયા ઉઠતી હોઈ, ટકવાનું નથી. સાચું સુખ તો અહિંસાના પાલનમાં જ રહેલું છે."

એથી એમણે અહિંસાના પાલન અર્થે પાંચ શરતો મૂકી કે :–

(૧) તમે જીવો અને સહુને જીવવા દો.

(૨) કોઈપણ જીવનો વિકાસ ન રૂંધો.

(૩) પણ જીવ માત્રનું ભલું ઇચ્છો. એને માટે ઘસાતા શીખો, ત્યાગ કરતાં શીખો.

(૪) કારણ કે જે વસ્તુ આપણને પ્રિય લાગે છે, એ સર્વ જીવને પણ પ્રિય લાગે છે. તેમજ જે આપણને અપ્રિય લાગે છે, એ સહુને પણ અપ્રિય લાગે છે.

(૫) એથી જે આપણે બીજાને આપી શકતા નથી એ એની પાસેથી ખૂંચવી લેવાનો આપણને કોઈ અધિકાર નથી.

શાશ્વત સુખ-શાંતિની સાધના અર્થે જગતને મહાવીરની ઉદ્‌ઘોષણા હતી કે :–

"હે ભવ્યાત્માઓ ! જીવ માત્રને તમારા જેવી જ લાગણીઓ છે, ભાવનાઓ છે, ઉર્મિઓ છે, વાસનાઓ છે. જેથી તમને સુખ ઉપજે છે એથી એમને પણ સુખ ઉપજે છે, જેથી તમને દુઃખ થાય છે એથી એમને પણ દુઃખ થાય છે. હાસ્ય, રૂદન, વેદના, વ્યથા, વ્યાધિ, હર્ષ, શોક, ભય, આનંદ, પ્રેમ તથા ઉલ્લાસ જેવી જે લાગણીઓ તમારામાં છે, એ એમનામાં પણ છે. એથી કોઇને પણ પીડા ન આપો. એમના પર દયા વરસાવો, કરૂણા રાખો, તમારા હૃદયમાં એમને પણ સ્થાન આપો અને એ રીતે એમના પર પ્રેમ કરી તમારા તરફથી એમને નિર્ભય બનાવો"

જીવમાત્રની કેવળ દેહરક્ષા કરવી એ મહાવીરને મન એકાંગી અહિંસા છે, જે Negative નિષેધાત્મક અહિંસા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહેવાય છે. પણ જ્યારે એ જીવમાત્રનું ભલું કરવાની કલ્યાણ કામના બને છે, જીવમાત્ર પ્રત્યે આત્મીયતાનો અનુભવ કરે છે અને સર્વના વિકાસ માટે એ પ્રવૃત્ત બને છે ત્યારે જ એ Positive વિધેયાત્મક અહિંસા બને છે અને ત્યારે જ એ પૂર્ણ અહિંસા કહેવાય છે.

આવા અહિંસા ધર્મના પાલન કાજે કોઈ પણ જીવની હિંસા ન કરવી એ પર્યાપ્ત નથી પણ મન, વચન અને કાયાથી પણ કોઈ પણ જીવની હિંસા ન કરવી, ન કરાવવી, ન અનુમોદવી તેમ જ એવી હિંસાને ઉત્તેજન કે પ્રેરણા મળે એના ભાગીદારેય ન બનવું એવી આજ્ઞા મુકવામાં આવી છે. આટલી સૂક્ષ્મ હદે મહાવીરે આપેલો અહિંસાનો વિચાર બીજે ભાગ્યે જ થયો હશે.

કોઈ પણ જીવની હિંસા ન થાય એ માટે જીવની ઓળખ પણ જરૂરી હોઈ 'જીવશાસ્ત્ર'નો જૈનધર્મે ઉંડો અભ્યાસ કર્યો છે. એમાં જીવોને ઉત્પન્ન થવાની ૮૪ લાખ યોનિઓ (ઉત્પત્તિ સ્થાનો) કહેવામાં આવી છે. દેવો, મનુષ્યો, નારકો તથા તીર્યંચો (પશુ પક્ષીઓ તથા કૃમિઓ વ. જીવસૃષ્ટિ) જેમને પાંચ ઇન્દ્રિયો છે તેમજ જે હાલી ચાલી શકે છે એવા નાના મોટા જંતુઓ, જેમાંથી કોઈને બે, ત્રણ કે ચાર ઇંદ્રિયો હોય છે–એ બધા જીવોને તો આપણે સમજી શકીએ છીએ પણ જગદીશચંદ્ર બોઝની શોધ પહેલાં જેમનામાં આત્મા યા આપણા જેવી જ હર્ષ, ભય, શોક, વેદના, ઉલ્લાસ વગેરેની લાગણીઓ છે, એવું આપણામાંના ઘણા માનવા જ તૈયાર નહોતા, એવી વનસ્પતિઓના જીવો તથા એ ઉપરાંત જળ, અગ્નિ, વાયુ વગેરેના સુક્ષ્મ જીવો, જે નરી આંખે દેખાતા પણ નથી, એમની હિંસા ન થાય એનોય સૂક્ષ્મ વિચાર કરવામાં આવ્યો છે. આમ છતાં દેહ ટકાવવા ખાતર અનાજ, ફળ ફળાદિનો અપવાદ સેવવો પડે છે ને એ વિના આપણો છૂટકો પણ નથી. છતાં ત્યાગીવર્ગ માટે તો એમાંથી પણ કેમ બચવું એનાં સૂક્ષ્મ વિધિ-વિધાનો આપવામાં આવ્યાં છે.

હિંસાનો અર્થ કેવળ પ્રાણઘાત નથી. પણ કોઇને પીડા કરવી, એનું દિલ દુભવવું, એના સ્વમાનપર ઘા કરવો તેમજ કોઈના વિકાસમાં બાધા યા એનું અહિત ઇચ્છવું એ બધા હિંસાના જ પ્રકારો છે.

પણ પ્રશ્ન એ ઉઠે છે કે નજરે દેખાતા જીવોની હિંસા તો સમજાય પણ શરીરના હલન–ચલન, શ્વાસોચ્છ્વાસ કે શરીર નિર્વાહ અર્થે કરાતાં ખાનપાનને કારણે સૂક્ષ્મજીવોની હિંસા તો થાય જ તો પછી એવી હિંસામાંથી બચવું કેવી રીતે ?

ભગવાન મહાવીર એનો ઉત્તર આપે છે કે

जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधई ॥

"જે સંયમપૂર્વક ચાલે છે, સંયમપૂર્વક વર્તે છે, સંયમપૂર્વક ખાય–પીએ છે, અર્થાત્ જે સર્વ જીવો પ્રત્યે આત્મીયભાવ રાખે છે અને સ્વાર્થ, લોભ-લાલસા કે રાગદ્વેષના પરિણામોથી મુક્ત બને છે એને પાપકર્મનો બંધ લાગતો નથી."

આ દષ્ટિએ મહાવીરની અહિંસા કેવળ અન્ય જીવોની હિંસા ન કરવામાં જ પર્યાપ્ત થતી નથી, પણ એ પૂર્ણપણે જીવનશુદ્ધિ બની રહે છે.

મહાવીર કહે છે કે "આત્માનો મૂળ સ્વભાવ સ્વસ્વરૂપમાં સ્થિર રહેવાનો છે, જેને આત્માનો સ્વભાવ ગુણ કહેવામાં આવે છે. એ સ્વભાવ ગુણની રમણતા એ આત્મ–અહિંસા છે. એથી ઉલટું જ્યારે જીવ પૌદ્ગલિક વાસનામાં રત બને છે ત્યારે એને વિભાવદશા કહેવામાં આવે છે. અને વિભાવદશાને કારણે રાગદ્વેષાદિ ભાવો, સાંસારિક લાલસાઓ કે પાપ પ્રવૃત્તિનાં પરિણામો પેદા થાય છે ત્યારે એ ઘોર આત્મહિંસા બને છે. ને એવી આત્મહિંસાના પરિણામે જ એ અન્યોનું સુખ લૂંટવાની હિંસા કરવા પ્રવૃત્ત થાય છે.

આમ કોઇને દુઃખ આપવું એ દ્રવ્ય હિંસા છે, જ્યારે અશુભ પરિણામો (વિચારો) પેદા થવા એ ભાવ હિંસા છે. આથી જેનામાં ભાવ અહિંસા છે અને જે સંયમશીલ છે એને હાથે આવી હિંસા થવા છતાંય હિંસાનું પાપ એને લાગતું નથી. એથી ઉલટું જે સૂક્ષ્મ અહિંસાધર્મ પાળે છે છતાં રાગદ્વેષાદિ અશુભ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પારણામોથી મુક્ત નથી બન્યો એ હિંસા ન કરવા છતાંય હિંસાના પાપમાંથી મુક્ત બનતો નથી.

આથી ભ. મહાવીર કહે છે કે જે આવી અહિંસાનું પાલન કરે છે એ જ સાચો નિર્ભય બની શકે છે, એને કોઈનો પણ ભય હોતો નથી. કારણ કે પ્રાણી માત્રને એ અભય આપે છે. આવી અભયદશામાં જ સુખ-શાંતિ રહેલાં હોઈ જ્યાં આવી અભયદશા છે ત્યાં એને કોઈ પણ જીવ પ્રત્યે નથી દ્વેષ હોતો કે નથી એને કોઈ વસ્તુ માટે ખેદ થતો. આમ अभय, अद्वेष, अखेद એ અહિંસાનાં લક્ષણો છે.

બીજી રીતે કહીએ તો અહિંસા એટલે પૂર્ણ જીવન શુદ્ધિ. આ દૃષ્ટિએ જીવનશુદ્ધિ વિના અહિંસા નથી. અને અહિંસા વિના નિષ્કામ કર્મયોગ પણ નિષ્ફળ છે. કારણ કે નિષ્કામ કર્મયોગને નામે યજ્ઞહિંસા તેમજ ધાર્મિક ગણાતા ભારતીય યુદ્ધમાં લાખોનો સંહાર થઈ શકયો છે. એથી અન્યની વેદનાઓ સમજવાનો એમાં વિવેક ન હોઈ એ અહિંસાના પાયા પર જ સ્થિત થઇ શકે. માટે નિષ્કામ કર્મયોગ પણ પ્રથમ હિંસા-અહિંસાના વિવેકની અપેક્ષા રાખે છે.

પશુ પક્ષીઓ કે વૃક્ષવેલાઓનો નિષ્કામ કર્મયોગ કોઈ મહાયોગીથી પણ કંઇ ઓછો ઉતરે તેવો નથી. પણ અજ્ઞાનદશાને કારણે એ ફળદાયી બની શકતો નથી. એટલે જ મહાવીર કહે છે કે '**पढमं नाणं तओ दया**' પ્રથમ જ્ઞાન વિવેક દૃષ્ટિ વિના અહિંસા-કરૂણા ન હોય. કારણ કે જે નિષ્કામ કર્મયોગને કારણે અનેકોને ત્રાસ થાય, પીડા થાય, વેદના ઉપજે એ કર્મયોગ નિષ્કામ કર્મયોગ નથી, અજ્ઞાન યોગ છે.

મહાત્મા ગાંધીજીએ મહાવીરે વાવેલા અહિંસાના ફળમાંથી સત્યાગ્રહ-અસહકારનું તત્ત્વ શોધી કાઢી એ મુડીમાં એક નવું પ્રકરણ ઉમેર્યું છે. પણ સત્યાગ્રહ-હૃદય પલટા સાથે ક્યારેક કડવાશ, મનદુઃખ કે ઉહાપોહને પણ જન્મ આપે છે. જ્યારે મહાવીરની સાંકલ્પિક અહિંસા કેવળ વિશ્વ હિતના જ વિચારોને પોષતી હોઈ અદૃશ્યપણે પણ જીવ માત્રનું કલ્યાણ કાર્ય જ કરે છે.

કારણ કે પ્રત્યક્ષ કાર્ય કરતાં સંકલ્પો અને વિચારોનું વિદ્યુદ્‌બળ અદ્‌ભૂત હોય છે. અને એટલા જ ખાતર મહાવીર અને તેમના નિર્ગ્રંથ મુનિઓ પહાડોની કંદરાઓ, ગીચ જંગલો કે નદી સમુદ્રના તટે યા સ્મશાન કે ઉજ્જડ પ્રદેશોમાં લાંબા વખત સુધી ઉભા રહી વિશ્વ-હિતકારી ધ્યાનયોગ આચરતા (જેને જૈન પરિભાષામાં **काउसग्ग ध्यान** કહેવામાં આવે છે) અને એ રીતે પોતાના માનસિક સંકલ્પોથી જગતનું કલ્યાણ ઇચ્છતા. જગતમાં જે કંઈ આ દિશામાં પ્રત્યક્ષ કાર્યો થયાં છે એમાં એવા સંતપુરુષોના સંકલ્પોનું જ બળ પુરાયેલું હોય છે. અથવા એવાઓના સંકલ્પોના પરિપાકરૂપે જ સમર્થ વ્યક્તિઓ આગળ આવી જગતમાં પ્રત્યક્ષ કાર્ય કરી જાય છે.

એ કલ્યાણભાવના અર્થાત્ અહિંસા, જેનું બીજું નામ પ્રેમ કરૂણા છે, એ પ્રેમકરૂણાને કારણે એમાંથી અનેકાંતવાદ, લોકભાષા, અસ્પૃશ્યોદ્ધાર, વર્ણભેદનો નાશ, સમાનતા, લોકશાહીપણું, નારીસ્વાતંત્ર્ય તથા ઉચ્ચ ન્યાય બુદ્ધિ જેવા ઉપસિદ્ધાંતો ઉપજી આવ્યા છે. કારણ કે જ્યાં અહિંસા-પ્રેમ છે-આત્મીયતા છે ત્યાં ભેદભાવ રહી જ ન શકે. આ કારણે મહાવીરનો અહિંસાધર્મ સામ્ય-ધર્મ પણ કહેવાય છે. કારણ કે સૂર્યપ્રકાશની જેમ એનો પ્રેમ સર્વત્ર સરખો જ પ્રસરી રહે છે.

આમ છતાં અહિંસાધર્મ એ વીરોનો ધર્મ છે. **नायमात्मा बलहीनेन लभ्य:** એ કાયરનો ધર્મ નથી. આથી કાયરતાને કારણે જે અહિંસાધર્મની ઓથ લે છે એ હિંસાથી પણ બદતર છે એટલે જૈનધર્મ કાયરતા આચરવા કરતાં વીરત્વની સાધના માટે પ્રસંગ આવ્યે શસ્ત્રયુદ્ધને સહી લે છે. અન્યાયના પ્રતિકાર માટે તેમજ પ્રજાના રક્ષણ અર્થે આજ કારણે મહાવીર ભક્ત ચેડા મહારાજાએ મગધ સાથે ભયંકર યુદ્ધ ખેલ્યું હતું. આમ છતાં એમાં પણ વિવેક રાખવો પ્રશસ્ય છે. એ વિવેકને કારણે લાખોની હિંસા અટકાવવા બાહુબલિએ ભરત સાથે તેમજ ચંડે ઉદાયી સાથે વ્યક્તિગત જ યુદ્ધ ખેલ્યું હતું અને એ રીતે હજારો લાખોને બચાવી કેવળ વ્યક્તિગત હારજીત પર જ યુદ્ધનો ફેંસલો સ્વીકાર્યો હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભોગ અને ત્યાગ

લેખક : **મનસુખલાલ તારાચંદ મહેતા**

કોશાંબીના રાજા જિતશત્રુએ રાજપુરોહિત કાશ્યપના મરણુ બાદ તેની જગ્યાએ નવો પુરોહિત નીમ્યો. કાશ્યપના મૃત્યુ વખતે તેને કપિલ નામે ઉમ્મર લાયક પુત્ર હતો, પણ તેણે ખાસ અભ્યાસ કર્યો હતો નહિ એટલે રાજપુરોહિતની જગ્યા તેને ન મળી.

નવો પુરોહિત એક વખત ઠાઠમાઠથી રાજમાર્ગ ઉપરથી જઈ રહ્યો હતો, ત્યારે કપિલ અને તેની માતા યશા તેના મકાનની અટારી પરથી તેને જોઈ રહ્યા હતા. પુરોહિતનો વૈભવ જોઈ તેને જુના દિવસો યાદ આવ્યા અને પતિનું સ્મરણ થતાં સ્વાભાવિક રીતે જ તેની આંખમાંથી આંસુઓ વહી ગયાં. કપિલે માતાને રડવાનું કારણ પૂછતાં તેણે કહ્યું : 'તેં અભ્યાસ ન કર્યો એટલે તારા પિતાની જગ્યાએ રાજાએ આ નવા પુરોહિતની નિમણૂંક કરી, અને જે વૈભવ તેમજ હોદ્દો તને પ્રાપ્ત થવા જોઇતા હતા, તેનો અધિકારી આજે અન્ય થઇને બેઠો છે.'

માતાને થયેલા આઘાતની અસર કપિલ ઉપર થઇ અને તેની વેદનાનું કારણ પણ તે સમજી ગયો. કપિલે આગળ અભ્યાસ કરવા દૃઢ નિશ્ચય કર્યો, અને માતાએ તેને શ્રાવસ્તીમાં રહેતા તેના પતિના મિત્ર ઇંદ્રદત્તને ત્યાં અભ્યાસ અર્થે મોકલ્યો.

કપિલ યુવાન અને દેખાવડો હતો. તે ભલો, ભોળો, સીધો અને સરળ સ્વભાવનો હતો. સંસારની આંટીઘૂંટીઓ અને જગતના કાવાદાવાઓથી તે તદ્દન અજાણ હતો. માતા સિવાય અન્ય સ્ત્રીઓના પરિચયમાં તે ભાગ્યે જ આવ્યો હતો. વિષય-વિકાર અને કામનાઓથી તે અલિપ્ત રહ્યો હતો. ઇંદ્રદત્ત પોતાના મિત્રના પુત્રને જોઈ ઘણો રાજી થયો અને તેણે કપિલના વિદ્યાભ્યાસ માટે તમામ સગવડો કરી આપી. ઇંદ્રદત્તે કપિલના રહેવા માટે એક ઓરડીની વ્યવસ્થા કરી આપી, અને સાંજ-સવાર ઇંદ્રદત્તના મિત્ર શાલિભદ્રના અતિથિ ભોજનાલયમાં જમવા માટેની ગોઠવણ પણ કરી આપી.

અતિથિ ભોજનાલયની કારભારણ એક સ્વરૂપવાન દાસી હતી અને તે કપિલને રોજ જમવાનું પીરસતી. દાસીની આંખોને કપિલ ગમી ગયો. અને તેના હૃદયને ભાવી ગયો. કપિલ નીચું મોં રાખી જમતો અને દાસી તરફ કદી ઉંચી આંખ કરીને જોતો પણ નહિ. તેની પ્રકૃતિમાં રહેલી આવી સૌમ્યતા અને મુગ્ધતાના લીધે જ પેલી દાસી કપિલ પર મોહી પડી. પછી તો દાસી બંને વખતે તેની સામે બેસી જતનપૂર્વક કપિલને ખવરાવતી અને પરિણામે સંસર્ગ વધ્યો. સંસર્ગમાંથી પરિચય, પરિચયમાંથી સ્નેહ, સ્નેહમાંથી પ્રીતિ અને પ્રીતિમાંથી એકબીજાને એકબીજા પ્રત્યે અનુરાગ થયો.

સ્ત્રીજાતિમાં સ્વાભાવિક રીતે જ ઓળખાણ પિછાણ કરવાની આવડત પુરુષો કરતાં વધુ પ્રમાણમાં હોય છ, કારણ કે એના સૌજન્ય અને હૃદયની ઉદારતાની બાબતમાં મોટાભાગે તે પુરુષો કરતાં મોખરે હોય છે. તેથી જ અર્થ અને વાણી એ બંને બાબતમાં સ્ત્રીઓની પ્રકૃતિ વધુ ઉડાઉ માલૂમ પડે છે. સ્ત્રીઓની વાતની શરૂઆત અને તેના અંતનો તાગ મેળવી શકાતો નથી અને કુબેરનો ભંડાર પણ તેને સંપૂર્ણ રીતે સંતોષ આપી શકતો નથી. વિદ્યા અર્થી કપિલના કઠોર જીવનમાં રૂપાળી દાસી તેની પ્રીતિમય પ્રવાસ સંગિની બની ગઈ, અને સ્નેહ અને પ્રેમ વડે કપિલને તેણે માયા પાશમાં બાંધી લીધો. ધૃતનો ગાડવો અને અગ્નિ એક થતાં જેમ ભડકો થાય છે, તેમ યુવાન સ્ત્રી અને પુરુષને એકાંત મળતાં પ્રબળ વાસના ઉત્પન્ન થાય છે, અને તેના પરિણામે સંગરૂપી પ્રચંડ અગ્નિ થતાં એજ અગ્નિમાં એવા સ્ત્રીપુરુષ પતંગિયાની માફક બળીને ખાખ થઈ જાય છે.

યૌવન એટલે જીવનનો ભૂલભુલામણો કાળ. એ વખતે નવયુવાન વિવેક, બુદ્ધિ, ગુણ, સંયમ, તપ અને વિદ્યા બધું જ ભૂલી જઈ પ્રલોભનની પાછળ આંધળો થઇને દોટ મૂકે છે. યૌવન અવસ્થા એવા પ્રકારની એક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંધ અવસ્થા છે કે જેમાં દેખી શકાય ઘણું, પણ સમજી શકાય બહુ ઓછું. શ્રાવસ્તીમાં એક વખત રાસપૂર્ણિમાનો ઉત્સવ ચાલતો હતો. એક સાંજે ભોજન-વિધિ સમાપ્ત કર્યા બાદ દાસીએ સ્નેહાળ ભાષામાં કપિલને કહ્યું: 'આજે રાતે હું રહું છું તે ભાટની ગલ્લીમાં કચ-દેવયાનીની કથા છે. તમે મારી સાથે તે સાંભળવા આવશો?' સ્ત્રીના પ્રેમી માટે, સ્ત્રીની વાત વિનંતીના રૂપમાં હોવા છતાં પ્રેમીજન માટે તો તે આજ્ઞા સમાન બની જાય છે, અને તે રાતે બંને જણા સાથે કથા સાંભળવા ગયા.

કચ દેવયાનીની કથા સુંદર હતી. બૃહસ્પતિનો પુત્ર કચ શુક્રાચાર્યની પાસે સંજીવની વિદ્યા શીખવા આવ્યો હતો અને અનેક આપત્તિઓ-વિપત્તિઓ સહન કરી શુક્રાચાર્યની લાડકી પુત્રી દેવયાનીની લાગવગ અને સહાય વડે કચે એ વિદ્યા પ્રાપ્ત કરી. દેવયાની, શુક્રાચાર્યની માત્ર પુત્રી નહિ, પણ પ્રિય શિષ્યા અને દુર્લભ વિદ્યાની અધિકારી હતી. કચના રૂપે તે નારીને ઘાયલ કરી હતી. કચ વિદ્યા પ્રાપ્ત કરી જ્યારે વિદાય માટે દેવયાનીની રજા લેવા ગયો ત્યારે તેણે તેનો માર્ગ રોકી લીધો અને પ્રેમ નિવેદન રજુ કર્યું. ગુરુપુત્રી એટલે તો ભગિની-કચે આ વાતનો સ્વીકાર ન કર્યો. નારીના માટે આ અવનિપરના તમામ દુઃખો સહન કરવા શકય છે, પણ પ્રેમનો પ્રતિકાર તે કદાપિ સહન નથી કરી શકતી. કચની સ્પષ્ટ ના સાંભળી દેવયાનીએ અભિશાપ રૂપી વિષ ઠાલવતાં કહ્યું: 'તારી વિદ્યા વ્યર્થ જશે-તારા જીવનમાં એ કેવળ ભાર રૂપ બની રહેશે.'

કચ-દેવયાનીની કથા પૂરી થઈ અને નવી કથા શરૂ થઈ. કથાની પૂર્ણાહુતિ પછી કપિલ દાસીને તેના ઘેરે મૂકવા જતાં ત્યાં જ રાત રોકાઈ ગયો. આમેય રાતના શય્યામાં સૂતી વખતે દાસી અને કપિલ બંને એક બીજાની છાયા તો અનુભવતા જ હતા, પણ તે રાતે છાયાને બદલે કાયા સુલભ બની ગઇ. દાસીનો પ્રતિકાર કરવાથી પોતે પ્રાપ્ત કરેલી વિદ્યા પણ ભારરૂપ બની જાય, એ ભયે તેણે દાસીનો ભાર ઉપાડી લેવામાં પોતાનું હિત જોયું, અને પછી તો દાસી અને કપિલ ગાંધર્વ લગ્ન કરી પતિપત્ની બની ગયા. અનુરાગનું આસકિતમાં રૂપાંતર થઇ ગયું અને ગૃહસ્થાશ્રમની શરૂઆત થઈ.

વિદ્યાભ્યાસ ભૂલી કપિલ પેલી દાસી સાથે કામ-ભોગો ભોગવવા લાગ્યો. કામભોગો ભૂતાવળ જેવા છે. અનેકવાર ભોગવવા છતાં તૃપ્તિ થવાને બદલે કામ-ભોગોમાં રસની પિપાસા વધતી અને વધતી જ જાય છે. કામ ભોગો અગ્નિ જેવા છે. અગ્નિમાં જેમ જેમ ઈંધણ નાખવામાં આવે તેમ તેમ તેનો ભડકો વધતો જાય છે. એવી જ રીતે, કામભોગો જેમ જેમ ભોગવાય તેમ તેમ તે વિષેની અતૃપ્તિ પણ વધતી જ જાય છે. ધર્મશાસ્ત્રોએ તેથી જ સ્પષ્ટ રીતે કહી દીધું કે કામભોગ શલ્યરૂપ છે, કામભોગ વિષરૂપ છે અને કામભોગ ભયંકર સર્પ જેવા છે. જેઓ કામભોગની ઈચ્છા કરે છે, તેઓ તેને પ્રાપ્ત કર્યા વિના જ દુર્ગતિમાં જાય છે. આમ જેની શરૂઆત છે, પણ છેડો નથી એવા કામ ભોગો કપિલને અધઃપતનની ખાઈમાં નીચે અને નીચે લઈ જઈ તેનો વિનાશ કરે તે પહેલાં એક અદ્‌ભુત બનાવે તેની વિવેક-બુદ્ધિ જાગ્રત કરી.

બીજા વરસે વળી રાસપૂર્ણિમાનો ઉત્સવ શરૂ થયો અને પેલી દાસી જે ગર્ભવતી થઈ હતી તેણે એક દિવસ કપિલને કહ્યું: 'હું તમારા સંતાનની માતા થવાની છું અને આવતી કાલે અમારા લોકોનો મોટો ઉત્સવ છે, તેમાં શણગાર સજીને સૌ આવશે. એ ઉત્સવમાં હું પણ જવાની છું, પણ પુષ્પમાળા ખરીદવા માટે રોકડ નાણાની જરૂર છે, તો તમે તે માટે વ્યવસ્થા કરી આપો.'

કપિલ પાસે થોડા પૈસા હતા, તે તેણે દાસીને આપ્યા, પણ તેટલા પૈસાથી દાસીને સંતોષ કયાંથી થાય? સ્ત્રી-ઓના શબ્દકોશમાં 'સંતોષ' શબ્દની ગણતરી હંમેશા રદબાતલ શબ્દમાં થાય છે. સંતોષ અને સ્ત્રી, બંને એક સાથમાં કદી રહી શકતા નથી. સ્ત્રી એટલે જ અસંતો-ષનું મૂર્તસ્વરૂપ. દાસીએ કપિલપાસે વધુ પૈસાની માગણી કરતાં કહ્યું કે હવે તો આપણે બેમાંથી ત્રણ થવાના એટલે ડગલે અને પગલે પૈસાની જરૂર પડશે. દાસીની વાત સાંભળી કપિલ મૂંઝાણો અને તે અન્યમનસ્ક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થઇ ગયો.

દાસી ચકોર અને ચાલાક હતી, જોકે સ્ત્રી જાતિના માટે આતો સામાન્ય ગુણો કહેવાય છે. દાસી જાણતી હતી કે આદર્શ પતિનું ઘડતર હંમેશા આદર્શ પત્ની દ્વારા જ થઇ શકે છે. લગ્ન પહેલાં પુરુષ તો પાસા પડ્યા વગરના હીરા જેવો હોય છે અને પત્નીએ જ પોતાની આવડત દ્વારા તેના પર પાસા પાડી સાચો હીરા બનાવવો પડે છે. યોગાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ પહેલાં ગૃહસ્થાશ્રમની યોજના ભૂતકાળના ઋષિમુનિઓએ કદાચ આ દૃષ્ટિએ જ કરી હશે.

સ્ત્રીઓની પ્રકૃતિ ભારે વિચિત્ર હોય છે. પુરુષોના માટે તેઓ જ મુંઝવણુ ઊભી કરે છે, અને મુંઝવણુમાંથી મુક્ત થવાનો માર્ગ પણ તેઓ જ બતાવે છે. કપિલને મુંઝાયેલો જોઇ પેલી દાસીએ તેનો માર્ગ બતાવતાં કહ્યું: ' આ નગરમા ધન નામનો શેઠ પ્રાતઃકાળે પ્રથમ આશીર્વાદ આપે તેને બે માસા સુવર્ણ આપે છે, તો તમે આવતી કાલે પ્રભાતમાં વહેલા જજો અને આશીર્વાદ આપી બે માસા સોનું લઇ આવશો.'

વહેલી પ્રભાતે સૌથી પ્રથમ પહોંચવાના ઇરાદાથી રાત્રીના મધ્યભાગે કપિલ તો ધનશેઠને ત્યાં જવા નીકળી પડયો, પરંતુ માર્ગમાં નગર રક્ષકે તેને ચોર માની પકડી લીધો અને રાજા પાસે રજૂ કર્યો. કપિલની મુખમુદ્રા જોતાં રાજાને લાગ્યું કે આ માણસ ચોર હોય તેવું દેખાતું નથી. રાજાએ કપિલને સત્ય હકીકત કહેવા કહ્યું એટલે જવાબમાં કપિલે તેના જીવનનો સવિસ્તર ઇતિહાસ કહી દીધો. કપિલની સત્ય અને કરુણ કહાણી સાંભળી રાજા તેની પર બહુ પ્રસન્ન થયો, અને તેને જે જોઇએ તે માગી લેવા કહ્યુ. કપિલે વિચાર કરવા વખત માગ્યો, એટલે રાજાએ તેને મહેલની નજીકના ઉદ્યાનમાં વિચાર કરવા મોકલ્યો.

કપિલ ઉદ્યાનમાં જઈ વિચાર કરવા લાગ્યો કે બે માસા સુવર્ણ તો કયાં સુધી ચાલવાનું ? પછી તો તેની વિચારસૃષ્ટિ આગળ વધી, અને બેમાંથી હજાર, હજારમાંથી લાખ અને લાખમાંથી ક્રોડ માસા સુવર્ણ માગવાનો વિચાર આવ્યો. પણ તેથીયે સંતોષ ન થતાં, અર્ધું રાજ્ય માગવા વિચાર કર્યો અને પછી તો થયું કે જે જોઇએ તે માગી લેવા કહ્યુ છે, તો પછી, આખું રાજ્ય શા માટે ન માગી લેવું ? શાસ્ત્રોમાં સાચું જ કહ્યું છે કે: ' जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ ' અર્થાત્ જેમ જેમ લાભ થાય છે, તેમ તેમ લોભ વધતો જાય છે.

કપિલ માર્ગ ભૂલ્યો હતો, પણ તેનું હૃદય તો સ્ફટિક જેવું શુદ્ધ અને નિર્મળ હતું. સંજોગો, પરિસ્થિતિ અને વાતાવરણને કારણે તે સાચા માર્ગે જવાને બદલે ઉંધા માર્ગે ચડી ગયો હતો, પણ રાજા પાસેથી શું માગવું ? તે પર વિચાર કરતાં કરતાં તેની જ્ઞાનદૃષ્ટિ જાગ્રત થઈ. તે વિચાર કરે છેઃ ' રાજ્ય પ્રાપ્ત કર્યા પછી પણ તૃપ્તિ કયાં થવાની છે ? ઉલટું પાડોશના રાજ્યોનો ભય લાગશે. ' કપિલની વિચારધારા હવે પલટાવા લાગી. તેને વિચાર આવ્યો કે તૃણ અને કાષ્ટાદિક વડે અગ્નિ કદી પણ તૃપ્ત થતો નથી. અનેક નદીઓના મિલન વડે પણ સમુદ્ર કદી પૂર્ણ થતો નથી, તો રાજ્યની પ્રાપ્તિ થયા પછી પણ મને વળી તૃપ્તિ કયાંથી થઇ શકવાની ? '

આમ વિચારતો હતો, એવામાં કપિલે એક કૌતુક જોયું. તેનાથી થોડે દૂર પડેલા બળખા પર એક બે મચ્છર બેઠા અને ત્યાં ચોંટી ગયા. થોડીવાર પછી વળી ત્યાં બે માખીઓ બેઠી તો તે પણ ત્યાં ચોંટી ગઈ. એવામાં ત્યાંથી એક હાથી પસાર થયો અને હાથીના પગ તળે પેલી માખીઓ અને મચ્છરો કચડાઇ ગયા. કપિલે બળખામાં કામભોગોની કલ્પના કરી, મચ્છર અને માખીમાં નબળા જીવોની કલ્પના રચી, અને હાથીમાં સબળ જીવની સ્થાપના કરી વિચારવા લાગ્યો કે જે જીવો આત્માથી ભિન્ન એવા પદાર્થો દ્વારા સુખ ભોગવવા ગયા એજ જીવોનો ભોગના ક્ષુલ્લક આનંદમાં નાશ થયો, એનાથી દૂર રહ્યા હોત તો મરણને શરણ ન થયા હોત. એનો અર્થ એમ થયો કે સુખ ભોગમાં નથી. પણ ત્યાગમાં છે. ત્યાગ એ જ સુખ અને ભોગ એ જ દુઃખ, એ વાત એના મનમાં બરાબર બેસી ગઈ. જ્યાં જેટલો ત્યાગ ત્યાં દુઃખનો તેટલો અભાવ. ભોગની સાથે જેમ દુઃખ જોડાયેલું છે તેમ ત્યાગની સાથે સુખ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંકળાયેલું છે. કામભોગો અધીર અને નબળા જીવોને જ નાશના માર્ગે ઘસડે છે, પણ સબળ જીવ પર તેની કશી સત્તા ચાલી શકતી નથી. આ ભાન કપિલને થઈ ગયું અને તેમાંથી એના પૂર્વજન્મની સ્મૃતિ જાગી.

સંવેગની શ્રેણિ પર ચઢતાં કપિલને જાતિસ્મરણ જ્ઞાન થયું અને જીવનને શા હેતુ માટે માનવયોનિ પ્રાપ્ત થાય છે તેનું પણ સ્વયંબુદ્ધ કપિલને ભાન થઈ ગયું. આવો જ્ઞાની પછી સંસારમાં રહી શકતો નથી; કપિલે પણ પોતાના મસ્તકનો પંચમુષ્ટિ લોચ કર્યો અને સાધુવેષ અપનાવી લીધો.

આ રીતે ચારિત્ર ગ્રહણ કરી કપિલમુનિ રાજા પાસે આવ્યા એટલે રાજાએ તેને પૂછ્યું: ‘ તમે શું માગવાનો વિચાર કર્યો ? ’ કપિલે કહ્યુ : ‘ રાજન્ ! તમને મારા ધર્મલાભ હો ! મારે હવે કશું જ માગવાનું રહેતું નથી, કારણ કે સર્વથા ઇચ્છા રહિત થવું એજ વીતરાગતા છે. આત્માનો મૂળ સ્વભાવ જ આનંદ છે, પણ ભોગો અને વૈભવ પાછળની દોટ અને પ્રાપ્તિ આનંદમાં ઓટ લાવે છે. આનંદમાં ભરતી અર્થે માનવે ત્યાગ-તપ-સંયમના માર્ગે જવું પડે છે અને મેં પણ હવે, એજ માર્ગ ગ્રહણ કરી લીધો છે.’ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનું આઠમું અધ્યયન કહે છે કે નિર્બળ કપિલ ક્ષુદ્રજાતિની એક દાસીના પ્રલોભનમાં પડ્યા પછી તરત જ જાગ્રત થઈ સબળ બનીને પુરુષાર્થવડે ઉગ્ર તપશ્ચર્યા આદરી માત્ર છ માસના અંતે ચારેય ઘાતી કર્મોનો નાશ કરી કેવળ-જ્ઞાન પામ્યા.

ઇશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે માનવી બંને આંખો વડે બધીજ વસ્તુઓ જોતો, બંને કાનો વડે સઘળી વાતોનું શ્રવણ કરતો અને બંને હાથ વડે સત્કાર્યો કરતો. શેતાનને આ ન ગમ્યું. વેષ-પલટો કરી તે માનવી પાસે આવ્યો ને કહ્યું : કેટલો મૂર્ખ છે તું ! એક આંખ વડે તું જોઇ શકે છે, એક કાન વડે તું સાંભળી શકે છે, એક જ હાથ વડે કામ પણ કરી શકે છે અને છતાં તું બે ઇન્દ્રિ-યોનો વિનાકારણ ઉપયોગ કરે છે. આ તો મુર્ખાઇ કહેવાય !

માનવીને સેતાનની આ વાત વ્યાજબી લાગી અને તે ક્ષણથી સારીએ માનવજાત એક કાનવડે સાંભળવા લાગી, એક આંખ વડે જોવા લાગી અને એક હાથ વડે કામ કરવા લાગી. સેતાનનો હેતુ પાર પડ્યો. તેણે માનવીના અવાંગો ઉપર પોતાનું વર્ચસ્વ જમાવી દીધું.

પરિણામે માનવીનું ધ્યાન સારી વસ્તુઓની સાથે ખરાબ વસ્તુ-ઓ તરફ પણ વળવા લાગ્યું. કાન સારી વાતોની સાથે ખરાબ વાતો પણ સાંભળવા લાગ્યા. આંખ સારી વસ્તુઓ સાથે ખરાબ વસ્તુઓ પણ જોવા લાગી અને હાથ સત્કર્મની સાથે દુષ્કર્મ પણ કરવા લાગ્યા. પરિણામે આજે સારી વાતમાંથી ખરાબ અને ખરાબમાંથી સારી વાતને જુદી તારવવામાં જ માનવીનું સારુંયે જીવન બરબાદ થઇ રહ્યું છે.

—ખલિલ જીબ્રાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યુગવીર આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી

## આત્મ–સંન્યાસ જ્ઞાનપ્રચારક અને શ્રાવક–શ્રાવિકાના ઉત્કર્ષના ભેખધારી

પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ વર્તમાન-કાળમાં એક યુગદૃષ્ટા આચાર્ય થઇ ગયા.

સ્વ. પૂ. આ. મ. શ્રી વિજયનેમિસૂરિજીએ કદંબ-ગિરિ, કાપરડા વિગેરે તીર્થોના ઉદ્ધાર રૂપે દર્શન તત્ત્વની મુખ્યતા સ્વીકારી હતી, સ્વ. પૂ. સાગરાનંદસૂરિજીએ જિનાગમોને ભિત્તિસ્થ કરવા રૂપ જ્ઞાન તત્ત્વના, સ્વ. પૂ. આ. વિજયધર્મસૂરિજીએ વિદેશમાં જૈન દર્શનના પ્રચારની અને પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરિજીએ સંગઠન, કેળવણી માટેની સંસ્થાઓની સ્થાપના અને સાધર્મિક બંધુઓના ઉત્કર્ષની મુખ્યતા સ્વીકારી હતી.

તેઓશ્રીની કેળવણી સંબંધમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના મુખ્ય છે. જૈન કોલેજ અને વિદ્યા-પીઠની તેમની ભાવના અધુરી રહી હતી.

૮૪ વર્ષના લાંબા આયુષ્યમાં એમણે અનેક ઉચ્ચ ગુણોનો વિકાસ કર્યો હતો અને અન્યને સહાયકારક બન્યા હતા. ખાદીનાં કપડાં, પરદેશી ખાંડનો ત્યાગ, સામાજિક સંગઠન માટેની તમન્ના, ગુણદૃષ્ટિ, મહાન સમાધાનકાર, વિનય અને સેવાના ઉત્તમ ગુણવાળા, નીડર અને સત્યભાષી, વિજ્ઞાન અને ધર્મનો સમન્વય કરનાર, રાષ્ટ્રપ્રેમી અને માનવપ્રેમી વિગેરે અનેક ગુણોનો સમન્વય એમણે સાધ્યો હતો.

આચાર્યશ્રી સ્પષ્ટ કહેતા કે ' મારા જીવનના ત્રણ મુખ્ય આદર્શો છે—આત્મ સંન્યાસ, જ્ઞાનપ્રચાર અને શ્રાવક-શ્રાવિકાનો ઉત્કર્ષ. ' મુંબઈમાં ગલીએ ગલીએ આ તમામ હકીકતો તેમણે સમજાવી હતી. એમણે કહ્યું હતું કે ' સંસારનો ત્યાગ કરી, આ વેશ પહેરી ભગવાન મહા-વીરની જેમ અમારા જીવનની પળેપળનો હિસાબ અમારે આપવાનો છે. આત્મશાંતિ અને આત્મશુદ્ધિ તો મળતાં મળશે પણ સમાજ, ધર્મ અને દેશના ઉદ્યોતમાં આ જીવનમાં જે કાંઈ લાભ આપી શકાય તે આપવાનું કેમ ભૂલાય ? છેવટની ઘડી સુધી તેનો ઉપયોગ કરી લેવો જોઇએને ? '

સં. ૨૦૦૮ જેઠ સુદ ૪ આચાર્ય શ્રી મુંબઈ પધાર્યા. અહિં જાહેર વ્યાખ્યાનો સાથે અનેકવિધ પ્રવૃત્તિઓ કરી. ભાયખલામાં મેયર શ્રી ગણપતિશંકર દેસાઈએ કહ્યું કે ' એક વલ્લભ રાજક્ષેત્રે જન્મ્યો–આ વલ્લભ ધર્મક્ષેત્રે જન્મ્યો.'

સ્વ. પૂ. આત્મારામજી મહારાજે પોતાના કાળ-ધર્મના પહેલાં વલ્લભવિજયજીને પંજાબક્ષેત્ર સાચવવાની આજ્ઞા કરી તે તેમણે ઘણે અંશે સફળ કરી તથા રાજ-સ્થાન, ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ અનેક રીતે ધર્મભાવના પ્રવર્તાવી.

ગુજરાનવાલાના છેલ્લા મુસ્લીમ હત્યાકાંડ વખતે તેમનું હૃદયબળ કેટલું નિશ્ચયબળવાળું અને સંયમી હતું તેની કસોટી થઇ હતી. જૈન જૈનેતર તમામ પ્રજા નીકળી જાય પછી જ હું નીકળીશ. આ તેમનું ધ્રુવબિંદુ હતું. એ રીતે બહારથી બીજાઓની પુષ્કળ પ્રેરણાઓ અને તારો પછી ગુંડાઓની વચ્ચે થઈ અસાધારણ હિમ્મત રાખી અમૃતસર આવ્યા હતા.

એઓશ્રી પ્રવચનકાર ઉપરાંત કવિ પણ હતા. નવ-પદજી, પંચતીર્થ, બ્રહ્મચર્ય, પંચપરમેષ્ઠી; ચૌદરાજલોક, વિગેરે અનેક પૂજાઓ હિંદીભાષામાં બનાવેલી છે. તે સુમધુર સંગીતમાં ગવાય છે.

મહાવીરવિદ્યાલય જેવી સંસ્થા ઉત્પન્ન કરવાની પ્રેરણા એમનામાં કયાંથી આવી હશે ? એમનો ઇંગ્રેજી અભ્યાસ ખાસ નહોતો છતાં એમના વિચારોનો પ્રબળ પ્રવાહ ઉછરતા યુવાનોમાં ઇંગ્રેજી કેળવણી સાથે ધાર્મિક સંસ્કારો રેડવાનો હતો. એમની પ્રેરણા અને આશીર્વાદથી ઉક્ત સંસ્થા ફૂલીફાલી છે. ખરેખર તેઓશ્રી આર્ષદ્રષ્ટા હતા.

એક પ્રસંગ હતો. વિ. સં. ૧૯૬૬ માં તેઓશ્રી ભાવનગર આવ્યા હતા. સ્વ. મૂળચંદજી મહારાજના શિષ્ય પૂ. બાલબ્રહ્મચારી આ. મ. વિજયકમળસૂરિ પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાં જૈન આત્માનંદ સભામાં પધાર્યા. જ્યારે સૂરિજીએ સભામાં પગ મૂક્યો ત્યારે તેમણે એમના પગ લુછ્યા. કેવી નમ્રતા, લઘુતા અને વિદ્વત્તાનો સુમેળ! તેમજ મૂળચંદજી અને આત્મારામજી મહારાજના સઘાડાનો સંપ! અમોએ આ નજરે જોયું છે. ભાવનગરમાં આલ્બર્ટ સ્કવેરમાં એમના જાહેર ભાષણો સર પ્રભાશંકર પટ્ટણી સાહેબના પ્રમુખ પદે થયા હતા.

એમનો જન્મ વટપદ્ર-વડોદરામાં સં. ૧૯૨૭ માં થયો. સંસારી નામ છગનલાલ હતું. સં. ૧૯૪૪ માં ૧૭ વર્ષની ઉમ્મરે દીક્ષા રાધનપુરમાં સ્વીકારી ત્યારપછી લાહોરમાં આચાર્ય પદારોહણ થયું. તેમનો હીરક–મહોત્સવ મુંબઇમાં ઊજવાયો તે પ્રસંગે એમના સંયમી જીવનના અનેક સુંદર કાર્યોથી ભરપૂર અંક પ્રકાશિત થયો હતો.

સં. ૧૯૯૦ના અમદાવાદના સાધુ સમ્મેલનમાં પૂ. આ.શ્રી વિજયનેમિસૂરિજી સાથે તેઓશ્રીએ મુખ્ય ભાગ ભજવ્યો હતો અને સંગઠન સફળ બનાવ્યું હતું.

ભાવનગર જૈન આત્માનંદ સભાના સાહિત્ય પ્રચાર માટેના ઘણા વર્ષો પર્યંત સલાહકાર અને સભાની ઉન્નતિ માટે પ્રયત્નશીલ રહ્યા હતા. આગમપ્રભાકર પૂ. પુણ્યવિજયજી કે જેમણે સભાને અંગે સંસ્કૃત પ્રાકૃત સાહિત્યના અનેક ગ્રંથો પ્રકાશિત કર્યા છે, તેઓશ્રી પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરિજીને વડીલ માનતા અને વારંવાર તેમની સલાહને અનુસરતા.

જૈન કોન્ફરન્સના હાલના અધિવેશન પછી જુનાગઢ મુકામે કોન્ફરન્સના અધિવેશનના સંદેશામાં તેમણે જણાવ્યું કે 'સંગઠન કરી જૈન સમાજ રચનાત્મક કાર્યોમાં મગ્ન રહે, અને નાની નાની કલેશમય બાબતોને ભૂલી જાય તો જૈનધર્મ વિશ્વધર્મ થઇ શકશે–સકળ સંઘ મારૂં આ મીશન ઉપાડી લ્યે.'

એઓશ્રીએ કેળવણી ઉપરાંત દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપનાં અનેક સત્રોની ઉજવણી કરી છે. એઓશ્રી-ની સાર્વમિક ઉદ્ધારની અભિલાષાને હાલમાં ચેંબૂરમાં રહેલા પૂ. આ.શ્રી વિજયધર્મસૂરિજીએ ઘણે અંશે અપ-નાવી છે. અને ધર્મશાળા, ભોજનશાળા અને જૈન ક્લીનીકરૂપે સમાજોપયોગી કાર્યો પણ કર્યાં છે. ગોડીજી ઉપાશ્રયમાં સાધર્મિક સેવા સંઘનું કાર્ય ચાલુ જ છે.

સં. ૨૦૧૦ એમની ૮૪મી જન્મજયંતિ પ્રસંગે તેર સંસ્થાઓના ઉપક્રમે એસ.કે. પાટીલના અધ્યક્ષ પદે જાહેર સભામાં એમની પ્રશસ્તિ થઈ હતી.

સં. ૨૦૧૦ શેઠ કાંતિલાલ ઇશ્વરદાસના બંગલામાં આવેલા ત્યારે રાત્રે પ્રતિક્રમણ–સંથારા પોરિસી સૂતાં સૂતાં કરી. ચોવીશ ભગવંતોનાં નામ સ્મરણ કરતાં અને નમસ્કાર મંત્ર ઉપરા ઉપરી શ્રવણ કરતાં યુગવીર આચાર્યશ્રીનો જીવન દીપક બુઝાઇ ગયો અને સ્વર્ગવાસી થયા.

એમના શાસન ઉદ્ધારક વિવિધરંગી સંયમી જીવનને આપણે આપણા મર્યાદિત ટુંકા ગજથી શી રીતે માપી શકીએ? એમના શિષ્ય રત્ન પૂ. આ. શ્રી વિજયસમુદ્ર-સૂરિજી તથા અન્ય મુનિરાજો તેમજ પૂ. સાધ્વીજી મૃગાવતીજી વિગેરેએ એમનાં અધૂરાં મનોરથો શાસન સેવા માટેના પૂર્ણ કરવા માટે યથાશક્તિ પ્રયત્ન કરવા માંડયો છે. તાજેતરમાં અત્રેની આત્માનંદ જૈન સભા વિગેરે સંસ્થાઓ તરફથી મધ્યમ વર્ગના શ્રાવક–શ્રાવિકા માટે સસ્તાં ભાડાની ચાલી માટે સુંદર ફંડની શરૂઆત થઈ છે. સંસ્કાર નાટિકા પણ તેટલા માટે રાખી છે. જેથી ફંડ સમૃદ્ધ થશે અને પરિણામે મધ્યમવર્ગ માટે મુંબઈમાં ઘણા વર્ષો પછી એક ઉપયોગી કાર્ય બનશે. તેના નિમિત્તભૂત પૂ. સાધ્વીજી મૃગાવતીજી થશે.

પંજાબમાં પૂ. આ. વલ્લભસૂરિજીએ કેવી અપૂર્વ શાસન પ્રભાવના કરી છે કે તેમની ભક્તિથી આકર્ષાઈ લગભગ ચારસો વ્યક્તિઓ અત્રે તેમની સ્વર્ગવાસ તિથિએ તકલીફો વેઠી તેમની ભાયખલામાં રહેલી પ્રતિમાને વંદન-પૂજન માટે આવેલી હતી. મુંબઈ સંઘ આવેલી વ્યક્તિઓની સેવાના લાભ માટે ગૌરવ અનુભવે છે.

આપણે પણ પ. પૂ. આચાર્યશ્રીના અમર આત્માને વંદન કરીએ અને તેઓશ્રીના શાસનોન્નતિના વિચારોને અમલમાં મૂકવા શાસનદેવ ચતુર્વિધ સંઘને શક્તિ સમર્પણ કરે એવી પ્રાર્થના કરીએ.

પ્રવચનકાર : ફત્તેહચંદ ઝ. શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

## ખાસ અગત્યની વિનંતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઇંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં છે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેમાંના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામાં આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવાં જેવાં છે. તો જેઓએ તે વસાવેલ ન હોય, તે પોતાના જ્ઞાન-ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનંતી છે. નીચે દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન કાપી આપવામાં આવશે.

१ वसुदेव हिन्डी : (દ્વિતીય અંશ) १०-००
२ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त कर्मग्रंथ
भा. २जो (પાંચ અને છ) ६-००
३ जैनमेघदूत २-००
४ प्रकरण संग्रह (પ્રતાકારે)
(જેમાં સિંદુર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, ગુણસ્થાનક્રમારોહ મૂળ છે.) ०-५०
५ त्रिषष्टी पर्व भा. १लो. (મૂળ સંસ્કૃત) ६-००
६ " भा. २जो ( " ) ८-००
७ " (પ્રતાકારે) १०-००

आ. श्री विजयदर्शनसूरिकृत टीकायुक्त

८ सम्मतितर्कमहार्णवतारिका........ १५-००
९ तत्त्वार्थाधिगमसूत्रम्............ १५-००

## લખો :—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

તંત્રી અને પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર

For Private And Personal Use Only